નવસારી અને વલસાડમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ

દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ૪ દિવસ ભારે વરસાદની આગાહી

૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો, મોરવા હડફમાં ૨ ઈંચ, સુબીરમાં ૧.૮૧ ઈંચ, ડાંગમાં ૧.૫૭ ઈંચ

ગાંધીનગર : લાંબા વિરામ બાદ ગુજરાતમાં ફરી વરસાદી માહોલ સક્રિય બન્યો છે અને આગામી ચાર દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે ભારેથી અતિભારે વરસાદનું જોખમ ઊભું થયું છે. ભારતીય હવામાન વિભાગે ૧૩ સપ્ટેમ્બરે નવસારી, વલસાડ તથા દમણ-દાદરા નગર હવેલી માટે અત્યંત ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે ભરૂચ, સુરત, તાપી, ડાંગ, અમરેલી અને ભાવનગર સહિતના વિસ્તારો માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે. બીજી તરફ આજે સાંજ સુધીમાં જ રાજ્યના ૭૨ તાલુકામાં વરસાદ નોંધાતા વરસાદી સિસ્ટમની અસર દેખાવા લાગી છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલા લઘુદાબના ક્ષેત્ર અને સક્રિય મોસમ પ્રણાલીના કારણે આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. તેમાં પણ આગામી ચાર દિવસ સૌથી વધુ સક્રિય રહેવાની સંભાવના છે. ૧૩ સપ્ટેમ્બરે નવસારી અને વલસાડમાં અત્યંત ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરાયું છે. ભરૂચ, સુરત, તાપી, ડાંગ તથા સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં આજે દિવસ દરમિયાન સાંજના છ વાગ્યા સુધીમાં ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તેમાં પંચમહાલના મોરવા હડફમાં ૨ ઈંચ, ડાંગના સુબીરમાં ૧.૮૧ ઈંચ, ડાંગમાં ૧.૫૭ ઈંચ, દાહોદના લીમખેડામાં ૧.૪૬ ઈંચ, નર્મદાના સાગબારામાં ૧.૪૬ ઈંચ અને છોટાઉદેપુરના કડવાલમાં ૧.૪૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં નર્મદા, છોટાઉદેપુર, તાપી અને દાહોદમાં સરેરાશ પ્રમાણમાં વરસાદ નોંધાયો હતો. લાંબા વિરામ બાદ ફરી વરસાદ શરૂ થતાં ખાસ કરીને વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં નવી આશા બંધાઈ છે.

૧૪ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર વધશે

૧૪ સપ્ટેમ્બરે નવસારી અને વલસાડ ઉપરાંત પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ તથા દીવમાં અતિભારે વરસાદની શક્યતા છે. ૧૫ સપ્ટેમ્બરે ભરૂચ, સુરત, તાપી, ડાંગ ઉપરાંત જામનગર, પોરબંદર, જૂનાગઢ, દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં વરસાદનું જોર તબક્કાવાર બદલાતું રહેશે. ૧૬થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન વરસાદની તીવ્રતા ઘટવાની શક્યતા છે, પરંતુ રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની સંભાવના છે.

અમદાવાદ-ઉત્તર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ

અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ગાજવીજ અને પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી છે.

૩.૪૦ હજારની લાંચ કેસમાં બંને ઈજનેરને જેલમાં ધકેલાયા

સુરતઃ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના નાયબ કાર્યપાલક ઈજનેર બ્રિજેશ ગોંડલીયા અને મદદનીશ ઈજનેર નયન બલદાણિયાનાં એક દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે બંનેને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ લાજપોર જેલ મોકલવાનો હુકમ કર્યો છે. એક જાગૃત નાગરિકના કંપાઉન્ડ વોલના કામનું બિલ પાસ કરવાના બદલામાં આરોપીઓએ રૂ.૫૦ હજારની લાંચ માંગી હતી. ACBએ ગોઠવેલા છટકામાં નયન બલદાણિયા રૂ.૪૦ હજારની લાંચ સ્વીકારતાં રંગેહાથ ઝડપાઈ ગયો હતો. આ પ્રકરણમાં બ્રિજેશ ગોંડલીયાની સંડોવણી ખૂલતાં તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. રિમાન્ડ દરમિયાન પોલીસે આરોપીઓનાં સુરત અને નવસારી સ્થિત ઘર તથા ઓફિસમાં સર્ચ હાથ ધરી મહત્ત્વની કડીઓ મેળવી હતી. રિમાન્ડની મુદત પૂરી થતાં શનિવારે બંને આરોપીને કોર્ટમાં રજૂ કરાયા હતા, જ્યાંથી તેમને જેલભેગા કરવાનો આદેશ થયો હતો.

પહેલી વંદે ભારત ગુડ્ઝ ટ્રેન ૧૩૦ કિમીની ઝડપે દોડાવાઇ

સુરત રૂટ પર ઈતિહાસ રચાયો, COCR ટ્રાયલ સફળ

સુરતઃ ગુજરાત અને મુંબઈના વેપારીઓ તેમજ લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે એક મોટા અને ક્રાંતિકારી સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા માલ પરિવહનના ઈતિહાસમાં એક નવો અધ્યાય શરૂ કરતા પ્રથમવાર વંદે ભારત ફ્રેટ EMU ટ્રેનનું સફળ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશન (RDSO) ની દેખરેખ હેઠળ અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઈ સેન્ટ્રલ રૂટ પર આ મહત્ત્વપૂર્ણ કન્ફર્મેટરી ઓસિલોગ્રાફ કાર (COCR) ટ્રાયલ યોજવામાં આવી હતી.

આ ખાસ વંદે ભારત ફ્રેટ EMU રેકે અમદાવાદથી સવારે પ્રયાણ કર્યું હતું અને સુરત થઈને મુંબઈ સેન્ટ્રલ સુધીની સફર ખેડી હતી. આ પરીક્ષણ દરમિયાન ટ્રેનમાં અંદાજે 50 ટકા માલનું ભારણ (લોડ) રાખવામાં આવ્યું હતું જેથી વાસ્તવિક પરિસ્થિતિઓમાં માલસામાન સાથે ટ્રેનની વર્તણૂક ચકાસી શકાય. આ સમગ્ર સફર દરમિયાન ટ્રેનને પ્રતિ કલાક 130 કિલોમીટરની મહત્તમ ઝડપે દોડાવવામાં આવી હતી, જે માલ પરિવહન ક્ષેત્રે એક અદ્ભુત ગતિ ગણવામાં આવે છે. પરત ફરતી વેળાએ પણ આ રેક નિર્ધારિત સમયપત્રક મુજબ મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ તરફ રવાના થઈ છે.

વેપાર અને અર્થતંત્રને કેવા થશે ફાયદા?

» ઝડપી ડિલિવરીઃ ઈ-કોમર્સ પાર્સલ, એક્સપ્રેસ કાર્ગો, નાશ પામે તેવી ખાદ્ય સામગ્રી અને સમય-સંવેદનશીલ (ટાઈમ સેન્સિટિવ) માલસામાન હવે કલાકોમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં પહોંચી શકશે. » રોડ પરિવહન પર ભારણ ઘટશેઃ હાઈ-સ્પીડ રેલ માલ પરિવહન શરૂ થવાથી હાઈવે અને એક્સપ્રેસ વે પર દોડતા માલવાહક ટ્રકો અને હેવી વ્હીકલ્સનું દબાણ ઘટશે.

ઉત્તર ભારત માટે નવેમ્બર મહિના સુધી ટ્રેનોમાં નો રૂમ

ઈન્ટુકે દિવાળી અને છઠ માટે વિશેષ ટ્રેનો દોડાવવા આવેદન આપ્યું

UP, બિહાર, ઝારખંડના શ્રમિકોને કન્ફર્મ ટિકિટ નથી મળતી

સુરતઃ આગામી દિવાળી, છઠ્ઠ પૂજા અને લગ્ન સીઝનને ધ્યાનમાં રાખીને સુરતથી ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ માટે વિશેષ ટ્રેનો દોડાવવાની માગણી ઊઠી છે. શનિવારે સુરત ઈન્ટુકના પ્રમુખ ઉમાશંકર મિશ્રા અને વરિષ્ઠ અગ્રણી શાન ખાનની આગેવાનીમાં ઈન્ટુકના આગેવાનોએ સુરત રેલવે સ્ટેશન અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનમાં જણાવાયું છે કે હાલ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વસતા લાખો પરપ્રાંતીય શ્રમિકોને ટ્રેનની કન્ફર્મ ટિકિટ મળતી નથી. સુરતથી UP, બિહાર, ઝારખંડ તરફ જતી ટ્રેનોની અછતના કારણે ઓક્ટોબર અને નવેમ્બર મહિનાનું એડવાન્સ બુકિંગ અત્યારથી જ રિગ્રેટ થઈ રહ્યું છે. ભીડ અને નાસભાગના કારણે ભૂતકાળમાં અનેક અકસ્માતોમાં લોકોએ જીવ ગુમાવ્યા છે, તેથી તહેવારો પહેલા જ વ્યવસ્થા કરવા માંગ કરાઈ છે. આ ઉપરાંત સુરત સ્ટેશનના આરક્ષણ કેન્દ્ર પર સવારે એડવાન્સ બુકિંગના સમયે તમામ બારીઓ ખોલવામાં આવતી નથી અને મહિલાઓ માટે અલગ લાઈનની વ્યવસ્થા બંધ કરી દેવાઈ હોવાની પણ ફરિયાદ કરાઈ હતી. ઓક્ટોબર-નવેમ્બરમાં સુરત અને ઉધના સ્ટેશન પર ભીડ નિયંત્રણ માટે ખાસ પગલા ભરવા અને તમામ બુકિંગ વિન્ડો શરૂ કરવા માગ કરાઈ છે. આ પ્રસંગે અવધેશ મોર્યા, પવન તિવારી, ડબ્બૂ શુક્લા, વિંધ્યાચલ ઓઝા, રિંકુ દુબે સહિતના શ્રમિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧,૨૪૨ યુવાન આપશે UPSCની NDA અને CDS પરીક્ષા

સુરતના ૫ કેન્દ્ર પર CDSમાં ૪૭૪ અને NDAમાં ૭૬૮ ઉમેદવાર નોંધાયા

સુરતઃ સંરક્ષણ દળોમાં અધિકારી તરીકે કારકિર્દી બનાવવાનું સપનું જોતા સુરતના ૧,૨૪૨ યુવાનો માટે રવિવાર, તા. ૧૩ સપ્ટેમ્બરનો દિવસ મહત્ત્વનો બની રહેશે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ (CDS)-ની પરીક્ષા યોજાશે. પરીક્ષાને લઈને સુરત શહેરમાં પાંચ કેન્દ્રો પર જરૂરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ પરીક્ષામાં NDA માટે ૭૬૮ અને CDS માટે ૪૭૪ ઉમેદવારો નોંધાયા છે. પરીક્ષા દરમિયાન ઉમેદવારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીના સંકલન હેઠળ પરીક્ષા કેન્દ્રો પર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. CDSની પરીક્ષા માટે સુરતમાં બે પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. ટી. એન્ડ ટીવી સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ત્રણ સેશન, જ્યારે સેન્ટ ઝેવિયર્સ ખાતે બે સેશનમાં પરીક્ષા યોજાશે. ઉમેદવારોની પરીક્ષા ત્રણ તબક્કામાં લેવામાં આવશે. સવારે ૯થી ૧૧ વાગ્યા સુધી અંગ્રેજી, બપોરે ૧૨:૩૦થી ૨:૩૦ વાગ્યા સુધી જનરલ નોલેજ અને સાંજે ૪થી ૬ વાગ્યા સુધી એલિમેન્ટરી મેથેમેટિક્સનું પેપર રહેશે. NDAની પરીક્ષા માટે શહેરમાં લૂર્ડ્સ કોન્વેન્ટ હાઈસ્કૂલ, સી.સી. શાહ સાર્વજનિક ઈંગ્લિશ હાઈસ્કૂલ અને સંસ્કાર ભારતી વિદ્યાલય એમ ત્રણ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યાં છે. NDAની પરીક્ષા બે સેશનમાં યોજાશે. પ્રથમ સેશનમાં સવારે ૧૦થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી મેથેમેટિક્સ, જ્યારે બીજા સેશનમાં બપોરે ૨થી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી જનરલ એબિલિટી ટેસ્ટ લેવામાં આવશે.

વેસુની બાંધકામ સાઇટ પર સુપરવાઈઝરના માથે લોખંડનો સળિયો પડતાં મોત

સુરતઃ મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની અને હાલ નાના વરાછા શ્યામધામ ચોક પાસે યોગેશ્વર કોમ્પલેક્સમાં રહેતા હિતેશભાઈ દલસુખભાઈ સાવલિયા કન્ટ્રક્શન સાઇટ પર સુપરવાઈઝર તરીકે નોકરી કરતાં હતા. ગઈકાલે સાંજે તેઓ વેસુ ખાતે અવધ સેલેનીક નામની નવી બંધાઈ રહેલી સાઇટ પર ફરજ પર ગયા હતા.

આ દરમિયાન અચાનક બિલ્ડિંગ ઉપરથી લોખંડનો સળિયો તેમના માથા પર પડ્યો હતો. સળિયો વાગતાં હિતેશભાઈને ગંભીર ઈજા થઈ હતી. સાઇટ પરના લોકો અને પરિવારજનો દ્વારા તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, ટૂંકી સારવાર દરમિયાન રાત્રે તેમનું મોત થયું હતું.

દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણનું સંતુલન પણ જરૂરી : મુખ્યમંત્રી

ગુજરાત યુનિવર્સિટીની કોન્ફરન્સમાં ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી

અમદાવાદ : ગુજરાતનો દરિયાકાંઠો માત્ર ભૌગોલિક સીમા નહીં, પરંતુ વેપાર, ઉદ્યોગ, રોજગાર, સંસ્કૃતિ અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે. ક્લાઈમેટ ચેન્જ, દરિયાઈ જળસ્તરમાં વધારો, તટીય ધોવાણ અને સમુદ્રી પ્રદૂષણ જેવા પડકારો વચ્ચે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. ગ્રીન પોર્ટ્સ, સસ્ટેનેબલ શિપિંગ, સસ્ટેનેબલ ફિશરીઝ અને જવાબદાર કોસ્ટલ ટુરિઝમ દ્વારા ગુજરાત વિકાસનું નવું મોડલ ઊભું કરી શકે છે, તેવું ગુજરાત યુનિવર્સિટીમાં 'કોસ્ટલ ઈકોલોજી, સિક્યુરિટી એન્ડ સસ્ટેનબિલિટી' વિષયક નેશનલ કોન્ફરન્સના સમાપન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું. ભૂપેન્દ્ર પટેલએ વધુમાં કહ્યું હતુ કે, મેન્ગ્રૂવને દરિયાકાંઠાની કુદરતી સુરક્ષા ઢાલ ગણાવી તેના સંરક્ષણમાં સરકાર સાથે સમાજની પણ સામૂહિક જવાબદારી હોવાનું જણાવ્યું હતું. સાથે જ સેટેલાઈટ મોનિટરિંગ, AI, ડ્રોન અને સ્માર્ટ બોટ જેવી ટેકનોલોજીથી દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના એલ્યુમની માટેના ડિજિટલ પ્લેટફોર્મ તથા ઐતિહાસિક ડિજિટલ રિપોઝિટરીનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું.

તંત્રના પાપે ડુમસ 'નગરવન'માં વધુ એક શાહમૃગનું મોત

2 વર્ષમાં 2 શાહમૃગના મોતથી વનવિભાગ વિવાદમાં

પ્રોજેક્ટની સમગ્ર દેખરેખ માત્ર 3થી 4 કર્મચારીના ભરોસે

સુરતઃ શહેરના મુખ્ય પર્યટન સ્થળ તરીકે જાણીતા ડુમસ ખાતે વનવિભાગ દ્વારા કરોડો રૂપિયાના અધધ ખર્ચે વિકસાવવામાં આવેલું 'નગરવન' હાલ ગંભીર અવ્યવસ્થા, બેદરકારી અને વહીવટી નિષ્ફળતાને કારણે વિવાદમાં સપડાયું છે. પ્રકૃતિપ્રેમીઓ અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલા આ વનમાં વન્યજીવોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે, કારણ કે છેલ્લા બે વર્ષમાં અહીંથી વધુ એક શાહમૃગ (ઑસ્ટ્રિચ)નું મોત નીપજ્યું છે.

વિશાળ પરિસર અને અત્યંત સંવેદનશીલ વન્યજીવોની જાળવણી માટે પૂરતો તાલીમબદ્ધ સ્ટાફ હોવો અનિવાર્ય હોવા છતાં, આટલા મોટા પ્રોજેક્ટની સમગ્ર દેખરેખ માત્ર 3થી 4 કર્મચારીના ભરોસે છોડી દેવામાં આવી છે. વન્યજીવોના યોગ્ય આહાર, નિયમિત તબીબી તપાસ અને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે. માત્ર શાહમૃગ જ નહીં, પરંતુ અહીંના એક્વેરિયમમાં રાખવામાં આવેલી માછલીઓ અને અન્ય પક્ષીઓ પણ પાણીની ખરાબ ગુણવત્તા, સફાઈના અભાવ અને ઓક્સિજનની કમીથી ઘેરાઈને મોત સામે ઝઝૂમી રહ્યા છે, જેણે તત્કાલીન વન રાજ્યમંત્રીના સમયમાં કરાયેલા દાવાઓને સાવ પોકળ સાબિત કરી દીધા છે. બીમાર શાહમૃગને વધુ સારવાર અર્થે સરથાણા નેચરલ પાર્કમાં લાવવામાં આવ્યું હતું, પરંતુ તેને ગાડીમાંથી નીચે ઉતારતી વખતે જ તેનું કમકમાટીભર્યું મોત થયું હોવાનું જાણવામાં આવ્યું છે. આ બનાવ અંગે સરથાણા નેચરલ પાર્કના સુપરિન્ટેન્ડેન્ટ રાજેશભાઈ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં શાહમૃગને પગમાં ઈજા થઈ હોવાથી અને તે લાંબા સમયથી બીમાર હોવાથી અહીં લાવવામાં આવ્યું હતું. પરંતુ તેને વાહનમાંથી ઉતારતી વખતે જ તેનું મોત નીપજ્યું હતું.

વહુ સાથેના ઝઘડાથી કંટાયેલી સાસુએ ઝેરી દવા ગળી, સારવાર દરમિયાન મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના નાસિકની વતની અને હાલ ભેસ્તાનની વૃંદાવન સોસાયટીમાં પતિ પરશરામ મોરે તથા પરિવાર સાથે રહેતી સારિકા મોરેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. 10મીની રાત્રે સારિકાનો વહુ સાથે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. પરિવારના જણાવ્યા મુજબ અગાઉ પણ બંને વચ્ચે અવારનવાર બોલાચાલી અને ઝઘડો થતો હતો.

ઝઘડા બાદ સારિકાએ રાત્રિના સમયે ઘરે વાંદા મારવાની ઝેરી દવા પી લીધી હતી. તબિયત લથડતાં પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તેને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. જોકે, સારવાર દરમિયાન બીજા દિવસે બપોરે તેનું મોત નીપજ્યું હતું.

AHTUએ કૂટણખાનું ઝડપી પાડ્યું, ડુમસ પોલીસને ખબર કેમ ન પડી?

એરપોર્ટની નજીક હાઈપ્રોફાઈલ એપાર્ટમેન્ટમાં દેહવેપારનો ધંધો ધમધમતો રહ્યો

રાજહંસ બેલીઝામાં પોલીસે દરોડો પાડી રાજસ્થાની મહિલાને મુક્ત કરાવી

સુરતઃ ડુમસ વિસ્તારમાં એરપોર્ટ શરૂ થયા બાદ સમગ્ર વિસ્તારનું મહત્વ અનેકગણું વધ્યું છે અને હાઈપ્રોફાઈલ રહેણાંક તથા કોમર્શિયલ પ્રોજેક્ટ્સના કારણે ડુમસ હવે શહેરના પ્રતિષ્ઠિત વિસ્તારોમાં સ્થાન પામી રહ્યું છે. તેમ છતાં આ જ વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓને પગપેસારો મળતો હોવાના બનાવો સામે આવતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.AHTUની ટીમે બાતમી આધારે રાજહંસ બેલીઝા એપાર્ટમેન્ટ માં દરોડા પાડી દેહવ્યાપાર માટે રખાયેલી મહિલાને મુક્ત કરાવતા ડુમસ પોલીસ ઉંઘતી ઝડપાઈ છે.

ડુમસ એરપોર્ટ રોડ પર DPS સ્કૂલ નજીક આવેલા રાજહંસ બેલીઝા એપાર્ટમેન્ટના 10મા માળે ફ્લેટ નં.1004માં દેહવેપાર ચાલતો હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની AHTUએ દરોડો પાડ્યો હતો. ડમી ગ્રાહક મોકલી કાર્યવાહી દરમિયાન રાજસ્થાનની એક મહિલાને દેહવેપારના દલદલમાંથી મુક્ત કરાવવામાં આવી હતી. સ્થળ પરથી રૂ.1.18 લાખ રોકડા સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં ફ્લેટ ભાડે રાખીને બહારથી મહિલાને બોલાવી ગ્રાહકોનો સંપર્ક કરનાર ક્રિષ્ણા ઉર્ફે બ્રિજેશ યાદવ અને તેનો સાગરીત ચંપક સામે આવ્યાં છે. બંને દરોડા દરમિયાન હાજર ન હોવાથી પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

આ બનાવે ડુમસ પોલીસની કામગીરી અંગે પણ ચર્ચા જગાવી છે. એરપોર્ટ જેવા અત્યંત મહત્વના વિસ્તારની નજીક આવેલા હાઈપ્રોફાઈલ એપાર્ટમેન્ટમાં ફ્લેટ ભાડે લઈને આવી ગેરકાયદે પ્રવૃત્તિ ચાલી રહી હતી તો સ્થાનિક પોલીસના પેટ્રોલિંગ અને ઈન્ટેલિજન્સ નેટવર્કને તેની જાણ કેમ ન થઈ? આ ઉપરાંત ડુમસ વિસ્તારમાં આવેલા કેટલાક ફાર્મહાઉસો તથા અન્ય બિલ્ડિંગોમાં પણ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચર્ચા વચ્ચે સ્થાનિક પોલીસ દ્વારા અગાઉથી અસરકારક ચેકિંગ કે કાર્યવાહી કરવામાં આવી હતી કે કેમ તે પણ તપાસનો વિષય બન્યો છે.

દેહવ્યાપાર પેટે મેળવેલા 1.18 લાખ પોલીસે પરત આપ્યા

બાતમીની પુષ્ટિ કરવા મોકલાયેલા ડમી ગ્રાહકનો ઈશારો મળતાં જ A.H.T.U.ની ટીમે દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. દરમિયાન મહિલાના સામાનમાંથી કુલ રૂ.૧,૧૮,૨૦૦ની રોકડ રકમ મળી આવી હતી. પૂછપરછમાં મહિલા ગત તા. ૦૧/૦૯/૨૦૨૬ના રોજ રાજસ્થાનથી સુરત આવી હોવાનું તેમજ તેની પાસેથી મળી આવેલી રોકડ રકમ દેહવેપાર પેટે પ્રાપ્ત થઈ હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે મહિલાની રકમ તેને પરત સોંપી મુક્ત કરાવી હતી.પોલીસ બેલિઝા માં લગાવેલા સીસીટીવી આધારે ગ્રાહકોની ઓળખ કરી તેમની વિરુદ્ધ પણ કાર્યવાહી કરશે.

ગ્રાહક દીઠ 8થી 10 હજાર વસૂલી મહિલાને માત્ર 4 હજાર અપાતા

આ ગેરકાયદે ગોરખધંધામાં મુખ્ય સૂત્રધાર ક્રિષ્ણા યાદવ અને તેનો સાગરીત ચંપક ગ્રાહકો પાસેથી પ્રતિ વિઝિટ 8,000 થી 10,000 વસૂલતા હતા. જેમાંથી પીડિત મહિલાને માત્ર 4,000 ચૂકવવામાં આવતા હતા, જ્યારે બાકીના નાણાં આરોપીઓ પોતે રાખતા હતા. ગ્રાહકો પાસેથી પેમેન્ટ મેળવી મહિલાને તેમના હવાલે કરવાની આખી સિન્ડિકેટ કાર્યરત હતી.

ડુમસ પોલીસ હાઈપ્રોફાઈલ ગેરકાયદે પ્રવૃતિ અટકાવશે?

હવે પોલીસ દ્વારા ડુમસ વિસ્તારમાં ભાડાના ફ્લેટ, ફાર્મહાઉસ અને અન્ય હાઈપ્રોફાઈલ મિલકતોમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવે છે કે કેમ અને અગાઉથી આવી પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં કેમ નિષ્ફળતા રહી તે અંગે કાર્યવાહી થાય છે કે કેમ તેના પર નજર રહેશે.

સુરત નવી સિવિલ ખાનગી હોસ્પિટલોની સમકક્ષ બનાવવાની કવાયત

કિડની દર્દીઓ માટે સિવિલમાં 30 બેડનું ડાયાલીસીસ સેન્ટર શરૂ થશે

રવિવારે ૧૩મીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે લોકાર્પણ

આઈ.સી.યુ.ની ક્ષમતા ૧૦થી વધારી ૨૦ બેડ કરાશે, ઇમરજન્સી વિભાગનું પણ અપગ્રેડેશન

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલયમાં દર્દીઓને વધુ સુવિધાસભર અને અદ્યતન સારવાર મળી રહે તે દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. કિડની બિલ્ડીંગ ખાતે વિવિધ નવીન તબીબી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, જેનું તા. ૧૩મીએ લોકાર્પણ કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વરદ્ હસ્તે તથા આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની વિશેષ ઉપસ્થિતિમાં સવારે ૯.૩૦ વાગ્યે કિડની બિલ્ડીંગ ખાતે ૩૦ બેડના અદ્યતન ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવશે. નવા ડાયાલીસીસ સેન્ટરના કારણે કિડનીની ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને વધુ સુવિધા અને સારવારની ક્ષમતા ઉપલબ્ધ થશે. આ ઉપરાંત મેડિકલ અને સર્જિકલ આઈ.સી.યુ.ની ક્ષમતામાં પણ વધારો કરવામાં આવ્યો છે. હાલના ૧૦ બેડના આઈ.સી.યુ.ને વધારીને ૨૦ બેડનું કરવામાં આવ્યું છે.

ઓર્ગન ડોનેશન માટે આઈસોલેશન આઈ.સી.યુ.

કિડની બિલ્ડીંગમાં ઓર્ગન ડોનેશનના દર્દીઓ માટે ખાસ આઈસોલેશન આઈ.સી.યુ.ની સુવિધા પણ શરૂ કરવામાં આવશે. અંગદાન સાથે સંકળાયેલા દર્દીઓની સારવાર દરમિયાન જરૂરી સંભાળ અને આઈસોલેશન મળી રહે તે માટે આ સુવિધા મહત્વપૂર્ણ સાબિત થશે. સાથે જ નવી સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગનું પણ અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. ઇમરજન્સી સારવાર માટે આવતા દર્દીઓને વધુ ઝડપી અને વ્યવસ્થિત તબીબી સેવા મળી રહે તે માટે જરૂરી સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરતમાં રાત્રે...

તાપમાન ૨૬.૯ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા જેટલું ઊંચું રહ્યું હતું. સાથે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. વાદળછાયા વાતાવરણને કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાતા દિવસ દરમિયાન ગરમીમાં રાહત અનુભવાઈ હતી, જોકે ઊંચા ભેજના પ્રમાણને કારણે બફારો યથાવત્ રહ્યો હતો. દરમિયાન, હાલ નાગપુર તરફથી ગુજરાત તરફ એક વરસાદી સિસ્ટમ આગળ વધી રહી છે. આ સિસ્ટમની અસરને પગલે આગામી બે દિવસ દરમિયાન સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે. ખાસ કરીને વાદળછાયા વાતાવરણ સાથે કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડી શકે છે. વરસાદી સિસ્ટમ પસાર થયા બાદ તેની અસર ઓછી થવાની સાથે વરસાદની એક્ટિવિટીમાં ફરી ઘટાડો થવાની આગાહી છે. એટલે આગામી બે દિવસ વરસાદની શક્યતા બાદ ફરીથી વાતાવરણમાં ફેરફાર સાથે વરસાદી પ્રવૃત્તિ નબળી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

પુણાની ગીતા...

દ્રશ્યો જોઈ રોષે ભરાયેલા પરિવારે સ્થળ પર જ ભારે હોબાળો મચાવી સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો. તાજેતરમાં જ હોટલનું અખાદ્ય ભોજન આરોગાયા બાદ એક જ પરિવારના સભ્યો બિમાર થયા હતા ત્યારબાદ મનપાના ફૂડ અને આરોગ્ય વિભાગે શહેરમાં ઠેર-ઠેર દરોડા પાડી તપાસનો 'દેખાડો' કર્યો હતો. પરંતુ 'ગીતા રેસ્ટોરન્ટ'ના આ કિસ્સાએ સાબિત કરી દીધું છે કે હોટલ સંચાલકોને તંત્રનો કોઈ જ ડર રહ્યો નથી. ગીતા રેસ્ટોરન્ટનો વિડીયો સોશિયલ મીડીયામાં વાયરલ થતા સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમે 'ગીતા રેસ્ટોરન્ટ'ને રૂા. 5000 નો દંડ ફટકારીને સંતોષ માન્યો